Office : 305, Shreenath Complex, Plot : 292, Sector-22, Gandhinagar - 382022 **Ph. : (0) 23241151** email : gnrbuilder@yahoo.co.in


ચો.મી. પાર્કીંગની જગ્યા મળતી જેમાં ડ્રાઈવવે તથા સ્લોપ ગણતાં ફક્ત ૧૦૦ ચો.મી. જગ્યા રહે છે જે તે સમયના નિયમો સાથે સુસંગત હતું, કારણ તે સમયે ફોર વ્હીલર વાહનો કે ટુ વ્હીલર ઘણા ઓછા હતા.

પરંતુ આજે ૧૫ વર્ષ પછી પરિસ્થિતિ બદલાતાં એક બિલ્ડીંગમાં આશરે ૧૦૦ જેટલી ઓફીસ / દુકાનો ગણતાં ઓફીસ દીઠ ફક્ત ૧ ગાડી ગણતાં ૧૦૦ ગાડી માટે પાર્કીંગ જોઈએ, તેમને તેમના વ્યવસાયમાં કામ કરતા લોકો, ઓફીસ કામ માટે આવતા મુલાકાતી લોકોના પાર્કીંગની અલગ વ્યવસ્થાના અભાવે હયાત ૧૦૦ ચો.મી.ના પ્લોટના કોમર્શીયલ કોમ્પલેક્ષ સામે રોજ સરેરાશ ૨૦૦ ગાડી ઉભી રહે છે, તેની સામે ભોયરામાં ૧૦૦ ચો.મી.માં ફક્ત ૧૦ ગાડી અને ૧૫ ટુ વ્હીલર પણ માંડ પાર્ક કરી શકે છે.

અત્રે એ જણાવવું જરૂરી છે કે સેક્ટર-૧૧માં હોટલ હવેલી આવેલી છે તેના મંજુર નકશા પ્રમાણે મળવાપાત્ર ગ્રાઉન્ડ ફલોર તેમજ બેઝમેન્ટમાં પૂર્ણ બાંધકામ કરેલ છે. અંને ૮૪ ઓરડા મંજુર થયેલ છે. હોટલના કમ્પાઉન્ડમાં જે પાર્કીંગ માટે ખુલ્લી જગ્યા છે ત્યાં માંડ ૨૦/૨૫ ગાડી કઠણાઈથી ઉભી રહે છે. હાલની પરિસ્થિતિમાં ત્યાં પીક અવર્સ દરમ્યાન ૧૫૦ જેટલાં નાના મોટાં વાહનોની અવરજવર અને પાર્કીંગ રહે છે દીન પ્રતીદીન આ વાહનોની સંખ્યા વધવાની છે ઘટવાની નથી.

આ પાર્કીંગની વિકટ સમસ્યાનો ઉકેલ માટે અમારું નમ્ર સૂચન છે કે આપશ્રી જે તે કોમ્પ્લેક્ષના પ્રતિનિધિ સાથે એક મીટીંગ યોજી હોટલ હવેલી સામેની જગ્યામાં (કહેવાતો ગાર્ડન) જરૂરી પાર્કીંગ (પે પાર્કીંગ) વ્યવસ્થા ગોઠવી તેનો ઉકેલ આવી શકે છે. વળી 'ચ' રોડની સમાંતર સેક્ટરની અંદરની બાજુમાં પણ પાર્કીંગ વ્યવસ્થા ગોઠવાય તો પણ આ પ્રશ્નનો સુખદ ઉકેલ આવે તેમ છે અને ઓછામાં ઓછા ૧૦ વર્ષના વાહન વ્યવહારની સંખ્યાનું પ્રોજેકશન વિચારી, સેક્ટર-૧૧માં ખુલ્લી જગ્યામાં ખુલ્લુ બહુમાળી પાર્કીંગ કોમ્પ્લેક્ષ વિચારાય તો વાહનોની સલામતી, કચેરી અને માનવ સમુદાયની સલામતી અને વાહનોની અવરજવરની સરળતા બની રહશે તે નિઃશંક છે. અમારું આ નમ્ર મંતવ્ય છે તેનો લેશમાત્ર એ ઉદેશ નથી કે આપશ્રી જેવા નિષ્ણાત અનુભવી અધિકારીની દષ્ટિમાં અને વિચારમાં આયોજન ન હોય. આપ આ અંગે સમગ્ર પ્રશ્નના નિકાલના વિશાળ હીતમાં આયોજન બધ્ધ સમગ્ર પ્રશ્નના નિકાલના વિશાળ હીતમાં આયોજન બદ્ધ વિચારતા હશો, અમારો એમાં સંપૂર્ણ સાથ સહકાર રહેશે.

વધુમાં આજની પરિસ્થિતિ પ્રમાણે આપશ્રીની કચેરી દ્વારા તા.૨૮-૬-૨૦૦૫ના રોજ સે-૧૧ના અમુક બિલ્ડીંગોને નોટીસ આપી ભોંયરાના અમુક દુકાનોને સીલ લગાવેલા જે બાદમાં કોર્ટ દ્વારા ખોલવામાં આવેલ અને હાલમાં પણ ઘણાં બીલ્ડીંગોનો કેસ ના મે. પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં દીવાનીકેસ